**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૬.૦° સે. | ૨૭.૦° સે. |
| બારડોલી | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |
| ભરૂચ | ૩૩.૦° સે. | ૨૪.૦° સે. |
| વ્યારા | ૩૩.૦° સે. | ૨૪.૦° સે. |

## અંકલેશ્વરના સારંગપુર નજીક બે યુવાનોનાં શંકાસ્પદ મોતથી ચકચાર



**થાક** ઉતારવા માટે ઇન્જેક્શન લીધા બાદ કાર્ડિયાક અરેસ્ટ આવ્યાનું પ્રાથમિક અનુમાન

**પોસ્ટમોર્ટમ** રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે

ભરૂચ, અંકલેશ્વર : અંકલેશ્વરના સાળંગપુર નજીક બે યુવાનોના શંકાસ્પદ મોતનો મામલો સામે આવ્યો છે. પેઈન કિલરના ઈન્જેક્શન લીધા બાદ ઓવરડોઝના કારણે મોત નીપજ્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે

અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં બે યુવાનોના શંકાસ્પદ મોતનો મામલો સામે આવતા ચકચાર મચી છે. ઘટનામાં એક અન્ય યુવાનની હાલ સારવાર ચાલી રહી છે. મૃતકોની ઓળખ ફરમાન અલી, (ઉંમર 24, રહે. જીતાલી) અને રાહુલ સિંગ, (ઉંમર 25, રહે. જીતાલી) તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, ત્રણેય યુવાનોએ થાક ઉતારવાના ઈરાદે પેઈન કિલરનું સેવન કર્યું હોવાની આશંકા છે.

પેઈન કિલરનો ઓવરડોઝ થઈ જતાં તેની આડઅસરના કારણે કાર્ડિયાક અરેસ્ટ આવતા બે યુવાનોના મોત થયા હોવાનું પ્રાથમિક અનુમાન છે. ઘટનામાં એક યુવાનની તબિયત લથડતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. જોકે, બંને યુવાનોના મોતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ બાદ ઘટનાની વધુ હકીકતો સામે આવે તેવી શક્યતા છે.

# મઢીમાં સરેરાશ ૪૫% મતદાન

**મંગળવારે** ભાજપ વર્સિસ ભાજપના જંગનું પરિણામ



બારડોલી : બારડોલી તાલુકાના મઢી વિસ્તારમાં આવેલી શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી આ વખતે ભારે રસાકસી ભરેલી રહી છે. આ ચૂંટણી સંપૂર્ણપણે ભાજપ વિરુદ્ધ ભાજપનો જંગ બની ગઈ હોવાથી સહકારી ક્ષેત્ર ઉપરાંત રાજકીય વર્તુળોમાં પણ ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. કુલ ૧૭ બેઠકો ધરાવતી આ મંડળીમાં ૩ બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ગઈ હોવાથી બાકીની ૧૪ બેઠકો પર કબ્જો જમાવવા માટે કુલ ૪૩ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. ૧૪ અલગ અલગ બિલ્ડીંગોમાં ઉભા કરવામાં આવેલા કુલ ૨૬ મતદાન મથકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પાર પડી હતી. આ ચૂંટણીમાં મંડળીના કુલ ૧૮,૯૬૯ નોંધાયેલા મતદારોમાંથી ૮,૫૪૩ મતદારોએ લોકશાહીના પર્વમાં ભાગ લીધો હતો અને અંદાજિત ૪૫.૦૬% જેટલું સરેરાશ મતદાન નોંધાયું હતું. બિનહરીફ વિજેતા થયેલા ઉમેદવારોમાં પલસોદ બેઠક પરથી કિસાન પરિવર્તન પેનલના જીતેન્દ્રભાઈ પટેલ, બાજીપુરા બેઠક પરથી સહકાર પેનલના અને મંડળીના વર્તમાન પ્રમુખ સમીરભાઈ ભક્ત તથા બિન ઉત્પાદક મંડળીની બેઠક પરથી સિદ્ધાર્થભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે.


પલસોદ અને બાજીપુરા બેઠક પર ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ જાહેર થયા હતા. આમ છતાં આ બંને વિસ્તારોમાં પણ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેનું મુખ્ય કારણ એ હતું કે, મંડળીની બે મહિલા અનામત બેઠકો અને અનુસૂચિત જાતિ/જનજાતિની અનામત બેઠકો માટે જનરલ એટલે કે તમામ બેઠકોના મતદારોએ મતદાન કરવાનું હતું. આથી બિનહરીફ થયેલા જૂથના મતદારોએ પણ માત્ર આ અનામત બેઠકોના ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા માટે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

**માંડવી જૂથ ૨માં સૌથી વધુ ૬૭.૯૫ ટકા મતદાન, સૌથી ઓછુ પલસોદમાં**

| જૂથ | મતદાન (ટકા) |
|---|---|
| મઢી જૂથ | ૧ ૪૭.૬૪ ટકા |
| બાજીપુરા | જૂથ ૨ ૪૪.૦૭ ટકા |
| વાલોડ | જૂથ ૩ ૫૦.૧૧ ટકા |
| વાંકાનેર જૂથ | ૪ ૪૬.૭૫ ટકા |
| નિઝર જૂથ | ૫ ૩૫.૯૮ ટકા |
| વરાડ જૂથ | ૬ ૩૧.૮૩ ટકા |
| પલસોદ જૂથ | ૭ ૧૯.૪૬ ટકા |
| હરિપુરા જૂથ | ૮ ૩૬.૮૭ ટકા |
| વ્યારા ૧ જૂથ | ૯ ૪૩.૩૮ ટકા |
| વ્યારા ૨ જૂથ | ૧૦ ૫૫.૮૨ ટકા |
| માંગરોળ જૂથ | ૧૧ ૪૬.૬૯ ટકા |
| માંડવી ૧ જૂથ | ૧૨ ૬૨.૦૭ ટકા |
| માંડવી ૨ જૂથ | ૧૩ ૬૭.૯૫ ટકા |

## ગુજરાતમાં હિલ્સા માછલીના ઉત્પાદનનો ચાર વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**જુદા જુદા વર્ષમાં હિલ્સાનું ઉત્પાદન ટનમાં**




**નર્મદાના** પાણીમાં હિલ્સાનું નવું ઘર ભરૂચમાં ૭,૪૧૦ મેટ્રિક ટન ઉત્પાદન

ભરૂચ : પશ્ચિમ બંગાળની કિંમતી હિલ્સાએ ગુજરાતના પાણીમાં નવું ઘર શોધી કાઢ્યું છે, જેના કારણે નર્મદા નદીમાં અભૂતપૂર્વ રીતે હિલ્સા આશ્રયસ્થાન બન્યું છે.

બદલાતું વાતાવરણ, મુખ્યત્વે ચોમાસા દરમિયાન પોષક તત્વોથી ભરપૂર પાણી દરિયામાં વહે તે એક મુખ્ય કારણ છે. વધુમાં, નર્મદાના નીચલા પટમાં ભરૂચ નજીકના મુખમાં તાજા અને ખારા પાણીના આદર્શ મિશ્રણને કારણે માછલીઓ ગુજરાત તરફ સ્થળાંતર કરવા માટે યોગ્ય પરિસ્થિતિઓ ઊભી થઈ છે. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરની ફિશરીઝ સાયન્સ કોલેજના સહાયક પ્રોફેસર આર.બી. વાળા અને એ.એમ. પરમારે જણાવ્યું છે કે, 'હિલ્સા એક સ્થળાંતરિત માછલી છે, જે તેના જીવનનો મોટાભાગનો સમય દરિયામાં વિતાવે છે, પરંતુ સંવર્ધન માટે નદીઓના મીઠા પાણીમાં સ્થળાંતર કરે છે.' નિષ્ણાતોનું માનવું છે કે, 'બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળની ગંગા-હુગલી નદી પ્રણાલી અગાઉ હિલ્સા માટે મુખ્ય સંવર્ધન સ્થળોમાંની એક હતી. જોકે, સમય જતાં ફરક્કા બેરેજ, નદીઓ પર વધતા બાંધકામ, નદીની ઊંડાઈમાં ફેરફાર, પ્રદૂષણ અને આબોહવા પરિવર્તન જેવી પરિસ્થિતિઓએ હિલ્સાના પરંપરાગત સ્થળાંતર અને સંવર્ધન ક્ષેત્રોને અસર કરી છે. ગુજરાત મત્સ્ય ઉદ્યોગ કમિશનર વિજય ખરાડીએ જણાવ્યું કે, ૨૦૨૫-૨૬માં પશ્ચિમી રાજ્યમાં હિલ્સાનું કુલ ઉત્પાદન ૧૪,૫૮૭.૭૨ મેટ્રિક ટન થયું, જેણે ચાર વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.

## નનસાડના કારખાનેદાર સાથે રૂ.4.60 લાખની ઓનલાઈન ઠગાઈ

કામરેજ : મૂળ અમરેલીના સોતરાના વતની અને હાલ કામરેજના નનસાડ ગામે રહેતા જયંતિ મનુભાઈ હિરપરા પુણા ખાતે છેલ્લા 16 વર્ષથી એસ.બી. ક્રિએશનના નામે ટેક્સટાઈલનુ ખાતુ ચલાવે છે.ગત તા.4 થી સપ્ટેમ્બરના રોજ અલગ અલગ યુપીઆઈ આઈડી પરથી અલગ અલગ ટ્રાન્જેકશન મળી કુલ્લે રૂ.4,60,000ની છેતરપીંડી થતાં કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## બારડોલીના ઈસરોલીમાંથી ૮૮ લાખનો દારૂ ઝડપાયો

**સુરત** એલસીબીએ પંજાબથી મોરબી જતી ટ્રક ઝડપી પાડી

પલસાણા : સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે પંજાબથી ગુજરાતમાં વિદેશી દારૂ સપ્લાય કરતા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. નેશનલ હાઈવે નંબર ૫૩ ઉપરથી એક ટ્રકમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો અને અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂપિયા ૧,૦૩,૮૨,૯૫૬ ની કિંમતના સામાન સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

પોલીસને ખાનગી બાતમી મળી હતી કે એક ટાટા ટ્રક (MP-09-BK-9775) ધુલિયા તરફથી વિદેશી દારૂ ભરીને નવાપુર, વ્યારા, બારડોલી અને એના એક્સપ્રેસ હાઈવે થઈને અમદાવાદ તરફ જવાની છે. જેના આધારે બારડોલી તાલુકાના ઈસરોલી ગામની હદમાં પોલીસે નાકાબંધી ગોઠવી હતી. બાતમીવાળી ટ્રક આવતા તેને રોકીને તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પકડાયેલા ડ્રાઈવર અને ક્લીનરની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ દારૂ પંજાબથી ભરાયો હતો અને તેને ગુજરાતના મોરબી સુધી પહોંચાડવાનો હતો.


ઈલ્યાસ શેખ

**પોલીસે જપ્ત કરેલો માલ**

- ૩૨,૭૪૮ વિદેશી દારૂની બોટલ
- ૮૮,૬૯,૭૫૬ રૂપિયા દારૂની કિંમત
- ૫,૦૦,૦૦૦ ની કિંમતની ટ્રક
- ૧૦,૦૦૦ની કિંમતના બે મોબાઈલ
- રૂપિયા ૩,૨૦૦ રોકડા
- ૧,૦૩,૮૨,૯૫૬ રૂપિયાનો કુલ માલ

**આરોપીઓ**

- રમેશભાઇ ભભુતારામ ઘતરવાલ (રહે.બાડમેર, રાજસ્થાન)
- માંગીલાલ બાંકારામ ઘતરવાલ (રહે.બાડમેર, રાજસ્થાન)
- અનિલભા પાંડે ઉર્ફે પાયલટ (દારૂ ભરી આપનાર, વોન્ટેડ)
- મોરબી ખાતે દારૂની ડિલિવરી લેવા આવનાર (વોન્ટેડ)

## 'દીકરો નહીં જણે તો જાનથી મારી નાખીશું'

પલસાણા : પલસાણા તાલુકાના કણાવ ગામની અષ્ટવિનાયક સોસાયટીમાં ગત ૧૮ સપ્ટેમ્બરના રોજ ૨૩ વર્ષીય સપનાબેને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ કેસમાં મૃતક પરિણીતાને સંતાનમાં દીકરો ન જણવા બાબતે શારીરિક અને માનસિક ત્રાસ આપીને મરવા મજબૂર કરનાર પતિ અને સાસુ સામે પલસાણા પોલીસ મથકમાં આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સુરતના ઉધના વિસ્તારમાં રહેતા અને મરણજનારના ફરિયાદી રંજનાબેન ફકીરા ઘોલપે આક્ષેપ કર્યો છે કે, સપનાના પતિ નિલેશ પ્રકાશ નિકમ અને સાસુ શારદાબેન નિકમ (બંને મૂળ રહે. નંદુરબાર, મહારાષ્ટ્ર) અવારનવાર ભેગા મળીને સપના સાથે મારઝૂડ કરતા હતા. સાસરિયાઓએ 'જો હવે પછી સંતાનમાં દીકરો જન્મ નહીં આપે તો જાનથી મારી નાખીશું' તેવી ગંભીર ધમકીઓ આપી સપનાને અત્યંત માનસિક ત્રાસ ગુજાર્યો હતો. સાસરિયાઓના આ અસહ્ય ત્રાસથી કંટાળીને સપનાએ ગળે ફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હતું.

આ ફરિયાદના આધારે પલસાણા પોલીસે પતિ નિલેશ અને સાસુ શારદાબેન સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.

## કુકરમુંડામાં ગણેશ વિસર્જન યાત્રામાં નાચવા બાબતે હત્યા

**બે યુવકો** વચ્ચે ઝગડા બાદ ગળુ દબાવી હત્યા કરી નાંખી

કુકરમુંડા : કુકરમુંડા તાલુકાના મોદલા ગામે ગણપતિ વિસર્જન દરમિયાન થયેલા ઝઘડામાં 21 વર્ષીય યુવકનું ગળું દબાવી હત્યા કર્યાની ઘટના સામે આવી છે. આ મામલે કુકરમુંડા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, તા. 19 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રિના આશરે 7:45 વાગ્યાના અરસામાં મોદલા ગામે રાજુશેઠની દુકાનથી મોદલા ગામ પાટિયા તરફ જતા રોડ પર આ ઘટના બની હતી. રાજપુર ગામના વળવી ફળિયામાં રહેતા પરશુરામભાઈ શ્રાવણભાઈ વળવીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદીનો 21 વર્ષીય પુત્ર શંકરભાઈ પરશુરામભાઈ વળવી ગણપતિ વિસર્જન દરમિયાન નાચવા માટે ગયો હતો. બેન્ડમાં નાચતી વખતે તેનો પગનો અંગૂઠો આરોપી વિશાલભાઈ રવિન્દ્રભાઈ પાડવીના પગ નીચે આવી જતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો.આ દરમિયાન આરોપી વિશાલભાઈ પાડવી (ઉ.વ.૨૧) (રહે,મોદલપાડા ગામ,તા. તલોદા જી.નંદુરબાર, મહારાષ્ટ્ર)એ શંકરભાઈના ગળાના ભાગે પકડી ગળું દબાવી દેતાં તેનું મૃત્યુ થયું હતું. આ મામલે કુકરમુંડા પોલીસે આરોપી વિશાલભાઈ રવિન્દ્રભાઈ પાડવી સામે ગુનો નોંધ્યો છે. સમગ્ર ઘટનાની વધુ તપાસ કુકરમુંડા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

**વર્ષ ૨૦૨૫-૨૬ની મળેલી ૩૪મી વાર્ષિક સામાન્ય સભામાં તમામ હિસાબો સર્વાનુમતે મંજૂર**

## આંગલધરા દૂધ મંડળીને પશુપાલક સભાસદોએ ૨.૦૪ કરોડ લિટર દૂધ આપ્યું તેના ૮૦.૫૬ કરોડ પશુપાલકોને મળ્યા : પ્રમુખ અમ્રતભાઈ પટેલ



- મંડળીના સ્થાપના કાળથી અત્યાર સુધીમાં દૂધ ભરતા પશુપાલક સભાસદો અને નોમિનલ સભાસદોના કારણે આજે આપણી આ દૂધ મંડળી નંબર વન બનીને વટવૃક્ષની જેમ અડીખમ ઊભી છે : સુમુલ ડિરેક્ટર ઘનંજયભાઈ પટેલ
- વાર્ષિક સાધારણ સભામાં બહુમત સભાસદોએ એકી અવાજે એજન્ડાના ૧૩ કામો સર્વાનુમતે મંજૂર કરાયા, વિવાદ ઊભો કરનારા બે-ત્રણ લોકોને સભાને ગેરમાર્ગે દોરવાના કરેલા પ્રયાસનો સભાસદોએ જાકારો આપ્યો
- આંગલધરા મંડળીએ મહુવા તાલુકા પશુ-ઘાસચારા મંડળીને ૧૨ ટકા વ્યાજે આપેલા ૭૦ લાખ આવી ગયા છે, આપેલા આ ધિરાણ પેટે આંગલધરા મંડળીને ૨.૮૫ લાખની વ્યાજની આવક મળી છે, ખોટો પ્રચાર કરીને સભાસદોને ગુમરાહ કરનારા લોકોની સાન ઠેકાણે આવી ગઈ છે

બારડોલી : સુરત જિલ્લાના અંબિકા તાલુકાના છેવાડાની શ્રી આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની ૩૪મી વાર્ષિક સાધારણ સભા આજે આ સંસ્થાના હોલમાં મંડળીના પ્રમુખ અમ્રતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અને સુમુલના ડિરેક્ટર ઘનંજયભાઈ પટેલ, સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓ. બેંકના ડિરેક્ટર બાલુભાઈ પટેલ, મહુવા સુગરના ડિરેક્ટર વિપુલભાઈ એન. પટેલ તેમજ અનાવલ પ્રદેશના આગેવાન ઝવેરભાઈ પટેલ, અનાવલ ગ્રામ પંચાયતના માજી સરપંચ ઠાકોરભાઈ રાઠોડ, અનાવલ મંડળીના પ્રમુખ જગુભાઈ પટેલ, ગાંગડીયા મંડળીના પ્રમુખ અનીલભાઈ પટેલ, લસણપોર મંડળીના પ્રમુખ મગનભાઈ પટેલ, વહેવલ મંડળીના પ્રમુખ જેનીશભાઈ પટેલ, તરકાણી મંડળીના પ્રમુખ ચીમનભાઈ પટેલ, કોષ મંડળીના પ્રમુખ ઘનંજયભાઈ પટેલ, હળદવા મંડળીના પ્રમુખ બળવંતભાઈ પટેલ, ઉમરા મંડળીના ભાવેશભાઈ પટેલ, કુમકોતર મંડળીના સુનિલભાઈ પટેલ, બુટવાડા મંડળીના ઉપપ્રમુખ વિમ્લેશભાઈ પટેલ સહિત મંડળીના સભાસદોની મોટી હાજરી વચ્ચે મળી હતી. આ વાર્ષિક સામાન્ય સભામાં પ્રમુખ અમ્રતભાઈએ સૌને આવકારી સભામાં એજન્ડાનાં કામો હાથ પર લઈ તેની ચર્ચા હાથ ધરાઈ હતી. હાજર સભાસદોએ એકી અવાજે સંપૂર્ણ બહુમતી સાથે એજન્ડાના ૧થી ૧૩ કામોને સર્વાનુમતે મંજૂરીની મહોર મારી હતી. આ સભામાં બે-ત્રણ લોકોએ સભાસદોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પશુપાલક સભાસદોએ આ વિવાદ ઊભો કરનારા અને બિનજરૂરી પ્રશ્નો ઊભા કરનારા લોકોની વાતને ગણકારી ન હતી અને બેસાડી દીધા હતા.

આજે મળેલી અંબિકા તાલુકાના આંગલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૩૪મી વાર્ષિક સામાન્ય સભામાં મંડળીના પ્રમુખ અમ્રતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. મળેલી આ વાર્ષિક સામાન્ય સભામાં ખૂબ મોટી સંખ્યામાં પશુપાલક સભાસદો હાજર રહ્યા હતા. સામાન્ય સભામાં એજન્ડાના ૧થી ૧૩ કામો રજૂ થયા હતા. જેમાં ગત સાધારણ સભાની કાર્યવાહીને વાંચનમાં લેતા સભાસદોએ મંજૂર કરી હતી, સને ૨૦૨૫-૨૬ના વર્ષના વાર્ષિક અહેવાલ અને હિસાબો જે કમિટીએ મંજૂર કર્યા હતા તેને પણ સભાસદોએ સર્વ સંમતિથી મંજૂરી આપી હતી. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬ના ઓડિટ મેમો, વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષની નફાની વહેંચણીને પેટા નિયમ મુજબ કમિટીએ કરેલી ભલામણ મુજબ બહાલી અપાઈ હતી. મંડળી અન્ય સંસ્થા સાથે જોડાયેલી હોય, મંડળીના પ્રતિનિધિ મોકલવાના કામને પણ મંજૂરી અપાઈ હતી. આ ઉપરાંત એજન્ડા પર લેવાયેલું બહારથી કર્જ કરવા લેવાયેલું કામને પણ બહાલી અપાઈ હતી. તેની સાથે દૂધ સુધારણા અંગે ચર્ચા-વિચારણા કરવાનું કામ તેમજ સભાસદો અને વ્યવસ્થાપક સમિતિના શૈક્ષણિક પ્રવાસ અંગે આયોજન કરવાની સત્તા આપવાનું કામ પણ મંજૂર કરાયું હતું. એજન્ડામાં વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષનું અંદાજપત્ર પણ સભાસદોએ મંજૂર કર્યું હતું. ઉપરાંત ધોરણ-૧૦ અને ૧૨ના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને આ સામાન્ય સભામાં પ્રોત્સાહક ઈનામો પણ અપાયા હતા. મળેલી આ વાર્ષિક સભામાં પ્રમુખ અમ્રતભાઈ પટેલે જે સભાસદોની અરજીઓ આવી છે તેમાં થયેલી રજૂઆતો પ્રમાણે જવાબો અપાશે તેમ જણાવ્યું હતું. આ વાર્ષિક સામાન્ય સભામાં મંડળીના તમામ હિસાબો અને વહીવટી નિર્ણયોને સભાસદોએ બહુમતીથી મંજૂરીની મહોર મારી હતી.

આજે મળેલી આંગલધરા દૂધ મંડળીની ૩૪મી વાર્ષિક સામાન્ય સભામાં પ્રમુખ અમ્રતભાઈ પટેલે રજૂ કરેલા વાર્ષિક હિસાબમાં મંડળીએ આખા વર્ષ દરમિયાન પશુપાલક સભાસદો અને બિનસભાસદોએ આ મંડળીને કુલ ૨,૦૪,૫૬,૪૦૦ લિટર દૂધ આપ્યું હતું. તેની સામે મંડળીમાં રૂ. ૮૦,૫૬,૬૫,૮૧૩ આ મંડળીને પશુપાલકોના દૂધના મળ્યા હતા. પ્રમુખ અમ્રતભાઈ પટેલે વધુ દૂધ ઉત્પાદન કરવા સંદર્ભે પશુપાલકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, આપણી મંડળીએ વર્ષ દરમિયાન દૂધ ભરતા સભાસદો અને બિનસભાસદોને દૂધના કામ ચલાઉ ભાવો ચૂકવેલા છે. છતાં ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬ના વર્ષમાં દૂધના કાચા નફામાંથી જોગવાઈ કરીને રૂ.૫,૭૫,૭૬,૪૨૯ દૂધ ભાવફેર ખાતે જોગવાઈ કરેલી છે. તેમજ સુમુલ ડેરી સુરત તરફથી કિલો ફેટના રૂ.૧૨૦ પ્રમાણે રૂ.૧૦,૪૦,૮૮,૪૯૧ મળ્યા છે. જે બંને ભેગા મળીને કુલ રૂ. ૧૬,૧૬,૬૪,૯૨૦ થાય છે. જે વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષમાં દૂધ ભરેલ સભાસદોને રકમ પર રૂ.૨૬ અને બિનસભાસદોને રકમ પર રૂ.૨૦.૨૫ પ્રમાણે છેવટના ભાવ તરીકે ચૂકવી આપવામાં આવે છે. પ્રમુખ અમ્રતભાઈએ વાર્ષિક હિસાબમાં જણાવ્યું કે, આપણી મંડળીમાં દૂધ ભરતા સભાસદો અને બિનસભાસદોને વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષમાં લિટરદીઠ રૂ.૨ પ્રમાણે કપાત થયેલ બચતના કુલ રૂ.૪,૦૯,૧૨,૮૦૦ જે તે સભાસદો બિનસભાસદોને બેંક ખાતામાં જમા આપીને ચૂકવી દેવામાં આવેલ છે.

આજની મળેલી વાર્ષિક સામાન્ય સભામાં બે-ત્રણ લોકોએ સભામાં વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ લોકોએ પ્રમુખ અમ્રતભાઈને એવો પ્રશ્ન કર્યો કે, આ મંડળીએ રૂ.૭૦ લાખ મહુવા તાલુકા ઘાસચારા સહકારી મંડળીને આપ્યા છે. આ નાણાંનું શું થયું? તેના જવાબમાં પ્રમુખ અમ્રતભાઈ પટેલે સભાસદોને જણાવ્યું કે, મહુવા તાલુકા ઘાસચારા મંડળીને જરૂરિયાત ઊભી થતાં આપણી પાસે ધિરાણ મેળવવા લેખિત માંગણી કરેલી તે અંગે કમિટીની મિટિંગમાં તેને મંજૂરી આપવામાં આવેલી તેના કાયદેસરના ઠરાવો થયેલા છે. આપણે જે ૭૦ લાખ ધિરાણ આપેલું તે તમામ નાણાં આપણી આંગલધરા દૂધ મંડળીને મળી ગયા છે. અને આપેલા ધિરાણ પેટે આપણી મંડળીને રૂ.૨,૮૫,૦૦૦ (બે લાખ પંચ્યાસી હજાર)ની વ્યાજની આવક મળી છે. એટલે આપણી દૂધ મંડળીએ આમ કોઈ ખોટો ધંધો કર્યો નથી. તેમ જણાવતા સભાસદોએ આ વાતને વધાવી લીધી હતી. અને મંડળીમાં સભાસદોને ગેરમાર્ગે દોરવા મથી રહેલા બે-ત્રણ લોકોને તેના પ્રશ્નોનો જવાબ આપી દીધો હતો. આ વાર્ષિક સામાન્ય સભામાં આંગલધરા દૂધ મંડળીના તમામ વાર્ષિક હિસાબોને સભાસદોએ મંજૂરીની મહોર મારી આજે સહકારિતા, એકતા અને મંડળી પ્રત્યેની સભાસદોની કટિબદ્ધતા વ્યક્ત થયેલી જોવા મળી હતી. તમામ સભાસદોએ પ્રમુખ અમ્રતભાઈ પટેલ તેમના તમામ કમિટી સભ્યો ઉપરાંત મંડળીના મંત્રી જીતેન્દ્રભાઈ પટેલ અને અન્ય તમામ કર્મચારીઓના વહીવટ અને કામગીરીને મંજૂરીની મહોર મારી દેવામાં આવી હતી. •





સંદીપ પરમાર રામદેવજી યુવક મંડળ, માંડવી


જય પ્રજાપતિ, શિવ શક્તિ યુવક મંડળ, શનિપાર્ક સોસા., તરસાડી


વયમ, આશ્વી, જિષા અને તક્ષ, વ્યારા


ડો. રાજન દલાલ, બિલીમોરા


રાકેશ પટેલ, હિતેન પટેલ, સરોલી, ઓલપાડ


કર્તવ્ય નિનાદ પટેલ, પરીયા, સાયણ, ઓલપાડ


વિશાખા પટેલ, કોરી ફળિયા, અબ્રામા, કામરેજ


પ્રિયંકા જોશી, તિથલ રોડ, વલસાડ


દક્ષા મારૂ, કૃપા મારૂ, સેનટેરિયા મેરીગોલ્ડ, માસમાં ગામ, ઓલપાડ


ભવ્ય પટેલ, વાસણ નો રાજા, વલસાડ


યોગીતા અનિલ રાઠોડ, સરદાર વિલ્લા, બારડોલી


હર્ષિલ પટેલ, ભરૂચ


અલ્પેશ રમેશભાઈ પટેલ, નવસારી

## ઓલપાડના બોલાવ ગામમાં માતાએ મોબાઈલ ન આપતા 16 વર્ષના પુત્રએ જીવન ટૂંકાવ્યું

કીમ: ઓલપાડ તાલુકાના બોલાવ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. મોબાઈલ ફોન પર પ્રતિબંધ કે નારાજગીના કારણે ૧૬ વર્ષના એક કિશોરે ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં શોક છવાયો છે. પોલીસ વિગતો મુજબ, બોલાવ ગામની સુખ સાનિધ્ય સોસાયટીમાં રહેતો ૧૬ વર્ષીય નૈતિકસિંહ મદનસિંહ રાજપૂત માતાનો મોબાઈલ ફોન વાપરી રહ્યો હતો. માતાને નોકરી પર જવાનું હોવાથી તેમણે ફોન પાછો લઈ લીધો હતો અને પિતા ઘરે આવે ત્યારે તેમનો ફોન જોવા કહ્યું હતું.

મોબાઈલ પાછો લઈ લેવાતા માઠું લાગવાથી નૈતિકે ઘરમાં પંખા સાથે દોરી બાંધી આપઘાત કર્યો હતો. પરિવારજનો તેને તરત કીમની સાધના હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ બનાવ અંગે કીમ પોલીસ મથકે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

Milano MULTIPLEX
બારડોલી
Vibe
10:00am
Chatni-Gujarati
05:00pm
Mirzapur:The Movie
11:00am , 09:00pm
Hanuman Ansh
01:00pm , 03:00pm , 06:00pm , 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333